

યુ.એસ.ની આઝાદીની ૨૫૦મી વર્ષગાંઠની ઉજવણીના ભાગરૂપે વોશિંગ્ટન ડી.સી.માં યુ.એસ. કેપિટલ બિલ્ડિંગ અને ફિફા ફેન ઝોન નજીક નેશનલ મોલ ખાતે 'ફ્રીડમ ૨૫૦ વ્હીલ' (ફેરીસ વ્હીલ).

# ટ્રમ્પ ચૂંટણી-શૈલીની રેલી સાથે દેશની ૨૫૦મી વર્ષગાંઠ ઉજવવા તૈયાર

રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ બુધવારે એક રાજકીય રેલી સાથે યુનાઇટેડ સ્ટેટ્સની ૨૫૦મી વર્ષગાંઠની ૧૬ દિવસીય ઉજવણીની શરૂઆત કરી રહ્યા છે. શાસન ચલાવવાના તેમના ધ્રુવીકરણ (લોકોને વિભાજિત કરતા) અભિગમ અને વોશિંગ્ટનને નવું સ્વરૂપ આપવાના તેમના પ્રયાસોને લીધે સર્જાયેલા વિવાદો વચ્ચે આ ઉત્સવની શરૂઆત થઈ રહી છે.ઈરાન સાથેના વિભાજનકારી યુદ્ધના મુદ્દા પરથી લોકોનું ધ્યાન હટાવવા આતુર ટ્રમ્પ, ૪ જુલાઈના સ્વતંત્રતા દિવસના ઐતિહાસિક સીમાચિહ્ન પહેલા નેશનલ મોલના આ કાર્યક્રમનો ઉપયોગ દેશના વખાણ કરવા માટે કરશે, જે દેશને ફરીથી મહાન બનાવવાનો શ્રેય તેઓ વારંવાર પોતે લેતા આવ્યા છે.

આ ભવ્ય શરૂઆત એ બાબતને રેખાંકિત કરે છે કે કેવી રીતે ટ્રમ્પે સત્તાવાર રાષ્ટ્રીય સ્મરણોત્સવ અને ચૂંટણી-શૈલીની રાજનીતિ વચ્ચેની રેખા ભૂંસી નાખી છે. તેમણે દેશના પાટનગરના હૃદય સમાન સ્થળે યોજાતા જાહેર મેળાને પોતાની એ જ રેલીના ફોર્મેટમાં ઢાળી દીધો છે જે તેમની પ્રેસિડેન્સીની ઓળખ રહી છે.

આ ૨૫૦મી વર્ષગાંઠના કાર્યક્રમો છેલ્લા કેટલાક મહિનાઓથી ઘર્ષણ (વિવાદો)થી ઘેરાયેલા રહ્યા છે, જેમાં બિનપરંપરાગત પ્રોગ્રામિંગ, કેટલાક મ્યુઝિકલ ગ્રુપ્સ દ્વારા નામ પાછા ખેંચવા અને ઉજવણીના સ્થળની નજીક આવેલા 'લિંકન મેમોરિયલ રિફ્લેક્ટિંગ પૂલ'નું ટ્રમ્પ દ્વારા કરવામાં આવેલું સમારકામ સામેલ છે.

# હવે લગ્નની કંકોતરી પર વર-કન્યાની જન્મતારીખ છાપવી પડશે

**મહારાષ્ટ્ર** સરકાર રાજસ્થાન પેટર્ન અપનાવવા સજ્જ; આગામી ૫ વર્ષમાં બાળ લગ્નનો દર ૧૦%થી નીચે લાવવાનું લક્ષ્ય

મુંબઈ, તા. ૨૪ (પીટીઆઈ) મહારાષ્ટ્ર બાળ લગ્નોની પ્રથાને ડામવા માટે લગ્નની આમંત્રણ પત્રિકાઓ પર વર અને કન્યાની જન્મતારીખ છાપવાનો નિયમ લાવવા પર વિચાર કરી રહ્યું છે. એમ મહિલા અને બાળ વિકાસ મંત્રી અદિતિ તટકરેએ બુધવારે જણાવ્યું હતું.

વિધાનસભામાં ભાજપના સભ્ય અતુલ ભાતખલકર દ્વારા ઉઠાવવામાં આવેલા પ્રશ્નનો જવાબ આપતાં તટકરે કહ્યું હતું કે, રાજ્ય આગામી પાંચ વર્ષમાં આ ગેરકાયદે પ્રથાના પ્રમાણને ૧૦ ટકાથી નીચે લાવવાનું લક્ષ્ય ધરાવે છે.

મહારાષ્ટ્ર સરકારે રાજસ્થાન સરકારને પત્ર લખીને લગ્નની આમંત્રણ પત્રિકાઓ પર વર અને કન્યા બંનેની જન્મતારીખ દર્શાવવાની તેમની પદ્ધતિનો અભ્યાસ કરવા વિનંતી કરી છે. મહારાષ્ટ્ર સરકાર ગ્રામીણ વિકાસ અને કાયદા તેમ જ ન્યાયતંત્ર વિભાગો સાથે પરામર્શ કરીને સમાન પદ્ધતિ અપનાવવાની વ્યવહારિકતાની તપાસ કરશે.

મંત્રીએ ધ્યાન દોર્યું હતું કે, ૨૦૧૯-૨૧ના સર્વેક્ષણમાં મહારાષ્ટ્રમાં બાળ લગ્નનો દર ૨૧.૯ ટકા હતો, જે ૨૦૨૩-૨૪ના સર્વેક્ષણમાં ઘટીને ૧૯.૬ ટકા થયો છે, જ્યારે તાજેતરના સર્વેક્ષણમાં રાષ્ટ્રીય સરેરાશ આશરે ૨૦.૧ ટકા છે.

સત્તાવાળાઓએ ૨૦૨૫-૨૬ દરમિયાન અત્યાર સુધીમાં ૧,૪૩૪ બાળ લગ્નો અટકાવ્યા છે અને ૧૩૬ એફઆઈઆર નોંધી છે. ૨૦૨૪-૨૫માં કુલ ૧,૪૯૫ બાળ લગ્નો રોકવામાં આવ્યા હતા, જ્યારે ૨૦૨૩-૨૪માં ૧,૨૫૩ બાળ લગ્નો અટકાવવામાં આવ્યા હતા અને ૧૦૮ એફઆઈઆર નોંધવામાં આવી હતી.

૨૦૨૨-૨૩માં ૯૩૦ બાળ લગ્નો અટકાવવામાં આવ્યા હતા અને ૮૧ એફઆઈઆર દાખલ કરવામાં આવી હતી, જ્યારે ૨૦૨૧-૨૨માં આ આંકડો ૮૩૧, ૨૦૨૦-૨૧માં ૫૧૯, ૨૦૧૯-૨૦માં ૨૪૦ અને ૨૦૧૮-૧૯માં ૧૪૭ હતો, જ્યારે ૧૦ એફઆઈઆર નોંધવામાં આવી હતી.

તટકરેએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, "બાળ લગ્નો અટકાવવાની સંખ્યામાં થયેલા વધારાને બાળ લગ્નોમાં થયેલા વધારા તરીકે ન જોવો જોઈએ. તે સરકારી તંત્ર દ્વારા સુધારેલી તપાસ, રિપોર્ટિંગ અને દરમિયાનગીરી દર્શાવે છે."

# મારા ત્રણ મહિલાઓ સાથે અફેર હતા: બિલ ગેટ્સનો ધડાકો

**ગેટ્સે** કહ્યું જેફ્રી એપસ્ટીને મને બ્લેકમેલ કરવાનો પ્રયાસ કર્યો હતો

**એપસ્ટીન** કેસની તપાસમાં સ્વેચ્છાએ જુબાની આપવા પહોંચ્યા માઇક્રોસોફ્ટના સહ-સ્થાપક

**પરોપકારના** કાર્યો માટે એપસ્ટીન સાથે મુલાકાતો ચાલુ રાખવાના નિર્ણયને પોતાની મોટી ભૂલ ગણાવી



વોશિંગ્ટન, તા. 24: માઇક્રોસોફ્ટના સહ-સ્થાપક બિલ ગેટ્સે અમેરિકી સંસદીય સમિતિ સમક્ષ બંધ બારણે આપેલી જુબાનીમાં ખુલાસો કર્યો છે કે તેમના ત્રણ મહિલાઓ સાથે અફેર હતા અને દિવંગત ગુનેગાર જેફ્રી એપસ્ટીને આ આડાસંબંધો મુદ્દે તેમને બ્લેકમેલ કરવાનો પ્રયાસ કર્યો હતો. આ ચોંકાવનારો ખુલાસો વર્ષ 2019માં જેલમાં મૃત્યુ પામેલા એપસ્ટીનના નેટવર્ક અંગે ચાલી રહેલી તપાસ દરમિયાન થયો હતો.

બિલ ગેટ્સે 10 જૂને સ્વેચ્છાએ સમિતિ સમક્ષ જુબાની આપી હતી, જેની વિગતો મંગળવારે જાહેર કરવામાં આવી હતી. બિલ ગેટ્સે સ્વીકાર્યું કે એપસ્ટીન બે રશિયન મહિલાઓ–બ્રિજની ખેલાડી મિલા એન્ટોનોવા અને ન્યુક્લિયર ફિઝિસિસ્ટ કરિમા નિગ્માતુલીના સાથેના તેમના સંબંધો વિશે જાણતો હતો, જ્યારે ત્રીજું અફેર મેડિકલ ઉદ્યોગ સાહસિક એલિસ જેકોબ્સ નેસેલરોડ સાથે હતું. ગેટ્સે જણાવ્યું કે આ સંબંધો તેમના પરિવાર માટે પીડાદાયક હતા અને એપસ્ટીન આ માહિતીનો ઉપયોગ તેમના પર ફરીથી સંબંધો બાંધવા દબાણ કરવા માટે કરતો હતો. જોકે, ગેટ્સે એપસ્ટીનના ગુનાઓમાં પોતાની કોઈ પણ પ્રકારની સંડોવણીનો સ્પષ્ટ ઇનકાર કર્યો હતો અને તેની સાથે મુલાકાત રાખવાના નિર્ણયને પોતાની મોટી ભૂલ ગણાવી હતી.

દસ્તાવેજો મુજબ, વર્ષ 2008માં એપસ્ટીન દોષિત સાબિત થયો હોવા છતાં, બિલ ગેટ્સે તેની સાથે આગામી ચાર વર્ષમાં 12થી 14 વખત મુલાકાત કરી હતી. ગેટ્સે સ્પષ્ટતા કરી કે આ મુલાકાતો માત્ર પરોપકારના કાર્યો માટે ભંડોળ મેળવવા અંગેની ચર્ચાઓ માટે જ હતી. આ વિવાદો સામે આવ્યા બાદ ગેટ્સ ફાઉન્ડેશને પણ એપસ્ટીન સાથેના ભૂતકાળના વ્યવહારોની બાહ્ય સમીક્ષા શરૂ કરી દીધી છે.

# પાસપોર્ટ કે આધાર... બંનેમાંથી કોઈ નાગરિકતાનો નિર્ણાયક પુરાવો નથી

**વિદેશ** મંત્રાલયના ખુલાસાથી સોશિયલ મીડિયા પર ચર્ચા પાસપોર્ટ એ માત્ર 'ભારત સરકારની સંપત્તિ', ગમે ત્યારે પરત માગી શકાય

નવી દિલ્હી, તા. 24: પાસપોર્ટ માત્ર ભારતીય નાગરિકોને જ જારી કરવામાં આવે છે. જોકે, વિદેશ મંત્રાલયે (એમઈએ) હવે સ્પષ્ટતા કરી છે કે, પાસપોર્ટ એ નાગરિકતા સાબિત કરતો દસ્તાવેજ નથી. વિદેશ મંત્રાલયે આ જાહેરાત કરવા માટે 14મા પાસપોર્ટ સેવા દિવસની પસંદગી કરી હતી. આ નિવેદનથી એક્સ પર વ્યાપક ચર્ચા શરૂ થઈ ગઈ છે કે, નાગરિકતાનો ચોક્કસ નિર્ણાયક પુરાવો શું ગણાય. આ એક એવો મુદ્દો છે જેના પર કેન્દ્ર સરકાર દ્વારા હજી સુધી સ્પષ્ટપણે કામ કરવામાં આવ્યું નથી. બુધવારે વિદેશ મંત્રાલયે જણાવ્યું હતું કે, પાસપોર્ટ એ મુખ્યત્વે આંતરરાષ્ટ્રીય મુસાફરીને સરળ બનાવવા માટે સરકાર દ્વારા જારી કરાયેલ મુસાફરી દસ્તાવેજ છે. એનો અર્થ એ થાય છે કે પાસપોર્ટ ધરાવવાથી નાગરિકતા સાબિત થતી નથી. તે આ પરિસ્થિતિની વિડંબના તરફ ઈશારો કરે છે. કારણ કે, પાસપોર્ટ બિન-નાગરિકોને જારી કરવામાં આવતા નથી. વાસ્તવમાં, પાસપોર્ટ મેળવવાનો અર્થ એ નથી કે તેની માલિકી તમારી છે. પાસપોર્ટના પાછળના ભાગ પર એક નોંધમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે, તે 'ભારત સરકારની સંપત્તિ' છે અને જ્યારે પણ સરકાર આદેશ આપે ત્યારે તેને સોંપી દેવાનો રહેશે.


આ વર્ષની શરૂઆતમાં, મતદાર યાદીના વિશેષ સઘન સુધારણા (એસઆઈઆર) પરની સુનાવણી દરમિયાન સર્વોચ્ચ અદાલતે પુષ્ટિ કરી હતી કે આધાર એ નાગરિકતાનો નિર્ણાયક પુરાવો નથી. તે માત્ર ઓળખનો દસ્તાવેજ છે.





## ઝહીર-સોનાક્ષીએ થાઈલેન્ડમાં ઉજવી બીજી એનિવર્સરી

મુંબઈ, તા. 24 બોલિવૂડના સૌથી પ્રેમાળ અને ચર્ચામાં રહેતા કપલ્સમાંથી એક સોનાક્ષી સિંહા અને ઝહીર ઇકબાલ પોતાના લગ્નની બીજી વર્ષગાંઠ મનાવી રહ્યા છે. 23 જૂને આ સુંદર યુગલના લગ્નને પૂરા બે વર્ષ થઈ ગયા છે. આ ખાસ અને અત્યંત રોમેન્ટિક દિવસની ઉજવણી કરવા માટે બંનેએ ભારતથી દૂર થાઈલેન્ડના સુંદર આઇલેન્ડ ફૂકેટને પસંદ કર્યો હતો. સોનાક્ષીએ પોતાના આ વેકેશનની ઘણી તસવીરો સોશિયલ મીડિયા પર શેર કરી છે, જે ઇન્ટરનેટ પર આવતાંની સાથે જ વાયરલ થઈ ગઈ છે. આ તસવીરો શેર કરતી વખતે સોનાક્ષીએ એક ખૂબ જ સુંદર કેપ્શન પણ લખ્યું, ''આકાશે અમારી સાથે અમારી બીજી વર્ષગાંઠ મનાવી''



## 'તારક મહેતા કા ઉલટા ચશ્મા'ના બાધાના પિતાનું નિધન

મુંબઈ, તા. 24: 'તારક મહેતાના ઉલટા ચશ્મા'માં બાધાની ભૂમિકા ભજવનાર તન્મય વેકરિયાના પિતા અને થિયેટર કલાકાર અરવિંદ વેકરિયાનું નિધન થયું છે. તન્મય હાલમાં ખૂબ જ શોકમાં છે. સિને અને ટીવી આર્ટિસ્ટ એસોસિએશને આ સમાચારની પુષ્ટિ કરી છે. અને વરિષ્ઠ કલાકારને શ્રદ્ધાંજલિ આપી હતી. અરવિંદ વેકરિયા ગુજરાતી રંગભૂમિમાં એક જાણીતું નામ હતું અને ઘણાં વર્ષોથી સિનેમામાં કામ કરી રહ્યા હતા. અરવિંદ વેકરિયાએ માત્ર રંગમંચ પર જ નહીં, પરંતુ ટેલિવિઝન અને ફિલ્મોમાં પણ કામ કર્યું છે.



## યુએન સુરક્ષા પરિષદમાં કાશ્મીર મુદ્દો ઉઠાવવા બદલ ભારતે પાકિસ્તાનની ટીકા કરી

**ચીન** અને પાકિસ્તાન દ્વારા આયોજિત બેઠકમાં ભારતીય રાજદૂતે કહ્યું જમ્મુ કાશ્મીર ભારતનો આંતરિક મામલો

**ભારતે** યુએન સુરક્ષા પરિષદમાં સુધારાની અને કાયમી સભ્યપદની માગનો પુનરોચ્ચાર કર્યો

સંયુક્ત રાષ્ટ્ર, તા. 24 (પીટીઆઈ): સંયુક્ત રાષ્ટ્ર (UN)માં સુરક્ષા પરિષદની એક અનૌપચારિક બેઠક દરમિયાન જમ્મુ અને કાશ્મીર અંગે 'બિનજરૂરી' ટિપ્પણી કરવા બદલ ભારતે પાકિસ્તાનની આકરી ઝાટકણી કાઢી છે. ભારતે સ્પષ્ટપણે જણાવ્યું છે કે આ કેન્દ્રશાસિત પ્રદેશ સંપૂર્ણપણે ભારતનો આંતરિક મામલો છે. બીજિંગ અને ઈસ્લામાબાદ દ્વારા આયોજિત સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદ (UNSC)ની 'એરિયા-ફોર્મ્યુલા' બેઠકમાં યુએન ખાતેના ભારતના કાયમી પ્રતિનિધિ રાજદૂત પર્વથનેની હરીશે મંગળવારે પાકિસ્તાનને આ જડબાતોડ જવાબ આપ્યો હતો. ભારતીય રાજદૂત હરીશે કહ્યું હતું કે, એક સહ-અધ્યક્ષ પાસેથી એવી અપેક્ષા રાખવામાં આવે છે કે તે સંતુલિત અને પક્ષપાતરહિત વર્તન કરે, પરંતુ પાકિસ્તાનના પ્રતિનિધિએ આ મંચનું રાજકીયકરણ કરવાનું પસંદ કર્યું તે અત્યંત આશ્ચર્યજનક છે. તેમણે ભારપૂર્વક કહ્યું કે જમ્મુ અને કાશ્મીર અને લડાખ હંમેશાં ભારતનો આંતરિક ભાગ રહ્યો છે અને રહેશે. પાકિસ્તાનના કાયમી પ્રતિનિધિ રાજદૂત અસીમ ઈફ્તિખાર અહેમદે આ બેઠક દરમિયાન કાશ્મીરનો મુદ્દો ઉઠાવ્યો હતો, જેના જવાબમાં ભારતે આ પ્રતિક્રિયા આપી હતી. પાકિસ્તાન હાલમાં વર્ષ 2025 અને 2026 માટે સુરક્ષા પરિષદના અસ્થાયી સભ્ય તરીકે ચૂંટાયેલું છે. વૈશ્વિક સંજોગો બદલાતા હોવાથી દાયકાઓ જૂના પ્રભાવહીન માધ્યમોની સમીક્ષા થવી જરૂરી છે. તેમણે યુએન ચાર્ટરના પ્રકરણ 6 હેઠળ દ્વિપક્ષીય વાટાઘાટો અને મધ્યસ્થતાના સાધનોની ચર્ચા કરી હતી. આ સાથે જ ભારતે લાંબા સમયથી ચાલી આવતી સુરક્ષા પરિષદના સુધારાની માગને પણ દોહરાવી હતી. ભારતે કહ્યું કે 15 સભ્યોની વર્તમાન સુરક્ષા પરિષદનું માળખું ઘણું જૂનું છે અને તે આજના વૈશ્વિક વાસ્તવિકતાઓને પ્રતિબિંબિત કરતું નથી, તેથી ભારતને કાયમી સભ્યપદ મળવું જોઈએ.


Ministry of Culture
Government of India

લોકશાહી અમર રહો!
બંધારણીય લોકશાહીને જાળવી રાખવા માટે સમર્પિત એક કાર્યક્રમ



કટોકટી લાદવાનાં 50 વર્ષ
પૂર્ણ થવાના ઉપલક્ષ્યમાં
આયોજિત કાર્યક્રમોનું સમાપન

સંવિધાન હત્યા દિવસ ૨૦૨૬
ભારતીય ઇતિહાસના કાળા યુગ પર એક નજર

"કટોકટી લાદવામાં આવી તેને ૫૦ વર્ષ થઈ ગયા છે; દેશની કોઈ પણ પેઢીએ બંધારણની હત્યા કરવાના આ પાપને ક્યારેય ભૂલવું ન જોઈએ."
– નરેન્દ્ર મોદી, વડા પ્રધાન

તારીખ: ૨૫ જૂન ૨૦૨૬ | સમય: સાંજે ૪:૦૦ વાગ્યે
સ્થળ: સેન્ટર ફોર કલ્ચરલ રિસોર્સિસ એન્ડ ટ્રેનિંગ (CCRT), ૧૫-એ, બ્લોક ડી, સેક્ટર ૭, દ્વારકા, દિલ્હી

કાર્યક્રમના મુખ્ય આકર્ષણો
વિશેષ પ્રદર્શની: 'સંવિધાન હત્યા દિવસ' અને 'લોકશાહી અમર રહો'
શોર્ટ-ફિલ્મનું સ્ક્રીનિંગ: 'સંવિધાન હત્યા દિવસ'
સ્વતંત્ર ભારતના ઇતિહાસના સૌથી મુશ્કેલ સમયમાં જેમણે અત્યાચાર સહન કર્યા અને હિંમત જાળવી રાખી, તે તમામ લોકોને સંગીતમય શ્રદ્ધાંજલિ

મુખ્ય અતિથિ
શ્રી ગજેન્દ્ર સિંહ શેખાવત
માનનીય કેન્દ્રીય સંસ્કૃતિ અને પ્રવાસન મંત્રી, ભારત સરકાર

વિશેષ સંબોધન
શ્રી રામ બહાદુર રાય
(કટોકટી દરમિયાન અટકાયત કરાયેલ વ્યક્તિ)
પ્રમુખ, ઇન્દિરા ગાંધી નેશનલ સેન્ટર ફોર આર્ટ્સ

CBC 09101/13/0014/2627